# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૨/કવા–૦૪/૧૬–૧૭/ ૨૧૨૬ તા. ૨૪/૦૩/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
મુકેશભાઈ પ્રાગજીભાઈ પોકર,
ગામ : રામોદ,
તા. કોટડા સાંગાણી
જી. રાજકોટ
મો: ૯૭૧૨૧ ૬૭૩૨૨

વિષય :–નવા ખેત જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૬–૦૨–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૪૨/કવા–૦૪/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૬)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, કોટડાસાંગાણી
...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01 A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૪૨/કવા–૦૪/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૨૨–૦૨–૧૭ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: મુકેશભાઈ પ્રાગજીભાઈ પોકર, ગામ: રામોદ**

**રજુઆત કરનાર : અરજદાર શ્રી મુકેશભાઈ પ્રાગજીભાઈ પોકર હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, કોટડાસાંગાણી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)**

**રજુઆત કરનાર :એસ.જે.સોની, નાયબ ઈજનેર (ટેક), વિભાગીય કચેરી ગોંડલ**

## : હુકમ :

## ફરીયાદ : નવા ખેત જોડાણ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના, ગામ: રામોદ ખાતે ના, તેઓ શ્રી ના પિતાશ્રી પ્રાગજીભાઈ ઝીણાભાઈ પોકર ના નામે નોંધાયેલ સામાન્ય યોજના હેઠળ ના, ૧૦ હોપા ના નવા ખેતીવાડી વીજજોડાણ ની, તા.૧૫–૧૨–૨૦૦૯ ના રોજ નોંધાયેલ અરજી મંજુર થતા, પીજીવીસીએલ તરફથી તેઓ શ્રી ને મંજુરી અન્વયે નુ રૂ.૧૪,૧૨૦/– નુ ભાવપત્રક તા.૦૪–૦૭–૧૬ ના રોજ અપાયેલ હતુ. |
| ૧.૨ | પરંતુ, મુળ અરજદાર એટલેકે તેઓ શ્રી ના પિતાશ્રી પ્રાગજીભાઈ ઝીણાભાઈ પોકર નુ તા.૦૫–૧૧–૧૫ ના રોજ, એટલેકે ભાવપત્રક અપાયાની તા.૦૪–૦૭–૧૬ પહેલા અવસાન થયેલ હોવાથી– નવા જોડાણ નુ કરારનામુ, જે કાયદેસર રીતે મૃતક ગ્રાહક દ્વારા થઈ શકે તેમ ન હોવાના કારણોસર, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી મળેલ સુચના મુજબ, અને તેઓ શ્રી ને અપાયેલ તા.૦૪–૦૭–૧૬ ના રોજ ના ભાવપત્રક મા નિર્દેશ કરાયેલ બાબતો મુજબ, જોડાણ ના સ્થળ ની અદ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ તેમજ, જોડાણકાર ની વૈદ્યાનીક સ્થિતી અન્વયે ના અદ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ કરવાની બાબત – જે પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી પ્રમાણે, અરજદાર શ્રી ને માટે નિયમાધીન જણાતા – અરજદારે સદર સ્થિતી ને આનુષાંગીક એવી બાબતો ને નજર સમક્ષ રાખી અને – અરજદાર શ્રી એ, મુળ તા.૧૫–૧૨–૨૦૦૯ ના રોજ ની મુળ અરજી મા, મુળ અરજદાર શ્રી નુ અવસાન થયેલ હોય, તેમજ માંગણી મુજબ ના સ્થળ પણ, વારસદારાઈ હકક મુજબ અન્ય વારસદાર ના નામે તબ્દીલ થયેલ હોવાની તમામ બાબતો ને, નજર સમક્ષ રાખી અને – અરજદાર શ્રી એ, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ એવી અરજીમા, તેમના સ્વ. પિતાશ્રી પ્રાગજીભાઈ ઝીણાભાઈ પોકર ના નામ પરથી, અરજદાર શ્રી એટલેકે, સ્વ. ગ્રાહક ના પુત્ર અને સીધીલીટી ના વારસદાર એવા શ્રી મુકેશભાઈ પ્રાગજીભાઈ પોકર ના નામે – નામ બદલી ની વિધીસર ની અરજી, જે તા.૧૨–૦૯–૧૬ ના રોજ રૂ.૩૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરીને, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ કરેલ હતી. |
| ૧.૩ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૧.૨ મુજબ ની વિગતે ની, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી મા, ફોરમ સમક્ષ ના હાલ ના અરજદાર શ્રી મુકેશભાઈ પ્રાગજીભાઈ પોકર એ નામ બદલી ની અરજી, જે તા.૧૨–૦૯–૧૬ ના રોજ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા નોંધાવી આપેલ હતી. અને સદર મંજુરી અન્વયે જુના ગ્રાહક એટલેકે સ્વ. શ્રી પ્રાગજીભાઈ ઝીણાભાઈ પોકર ના નામ પર ની મંજુરી અન્વયે ના, પીજીવીસીએલ તરફથી અપાયેલ, તા.૦૪–૦૭–૧૬ ના રોજ ના ભાવપત્રક ની મુદત, જે ૦૧ માસ બાદ એટલેકે તા.૦૩–૦૮–૧૬ ના રોજ પુરી થતી હતી – તે મુદત મા વધારાના ૯૦ દિવસ માટેની – મુદત વધારાની અરજી પણ – ફોરમ સમક્ષ ના હાલ ના અરજદાર શ્રી મુકેશભાઈ પ્રાગજીભાઈ પોકરે તા.૧૩–૦૭–૧૬ ના રોજ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા આપેલ હતી. જે મુજબ, તેઓ શ્રી ને સદર ભાવપત્રક ની સમયમર્યાદા, જે ૯૦ દિવસ ના મુદત વધારા બાદ ની અંતીમ તા.૦૨–૧૧–૧૬ હતી. આમ, તેઓ શ્રી ના સદર કેઈસ મા, નામ બદલી અને ભાવપત્રક ની મુદત સમયમર્યાદા વધારા – એમ બન્ને બાબતોની માંગણી, જે એકી સાથે, પ્રથમ પેટા વિભાગીય કચેરી તેમજ, ત્યારબાદ વિભાગીય કચેરી કક્ષાએથી પ્રક્રીયા હેઠળ આવરી લેવાયેલ હતી. |

| | |
|---|---|
| **૧.૪** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૧.૩ મુજબ ની વિગતે ની, તેઓ શ્રી ની નામ બદલી ની તા.૧૨–૦૯–૧૬ ના રોજ ની અરજી, પીજીવીસીએલની સક્ષમ એવી વિભાગીય કચેરી તરફથી, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવરી લઈ અને, તા.૦૮–૧૧–૧૬ ના રોજ તેઓ શ્રી ને નામ બદલી ની મંજુરી અપાયેલ હતી. આ મંજુરી ની જાણકારી અરજદાર શ્રી ને પત્ર ના રૂપ મા પીજીવીસીએલ તરફથી અપાયેલ નથી. પરંતુ, કચેરી મા રૂબરૂ તપાસ કર્યા બાદ જાણવા મળેલ છે. અરજદાર શ્રી નો મુખ્ય હેતુ, જે તેઓ શ્રી ની મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ એવી સદર અરજી મા, નામ બદલી ની મંજુરી અન્વયે નુ, નવા અરજદાર શ્રી ના નામનુ જ ભાવપત્રક મળી રહે, અને તે મુજબ નવા અરજદાર ના નામે જ કરારનામુ કરી શકાય અને જોડાણ મેળવી શકાય, તેવા આશય સાથે જ, તેઓ શ્રી એ – સદર કેઈસ મા, નામ બદલી અને ભાવપત્રક ની મુદત ની સમયમર્યાદા એમ બન્ને બાબતો એકી સાથે સમન્વય કરીને, અને તે મુજબ ની અરજીઓ પીજીવીસીએલ મા રજુ કરેલ હતી. અરજદાર શ્રી ના માનવા મુજબ, સદર બન્ને અરજીઓ ને, પીજીવીસીએલ ની સબંધક અને સક્ષમ કક્ષાએથી, એકી સાથે ની પ્રક્રીયા હેઠળ આવરી લઈ, અને તે મુજબ, બન્ને અરજીઓ ને, એકી સાથે ની મંજુરી આપવાની, પ્રક્રીયાઓ પૂર્ણ કરી અને તેઓને તે મુજબ, જાણકારી, જે પીજીવીસીએલ તરફથી આપવામા આવશે. પરંતુ, તેઓ શ્રી ના સદર કેઈસ, કે જેમા નામ બદલી અને ભાવપત્રક ની મુદત ની સમયમર્યાદા ની બન્ને અરજીઓ ની પ્રક્રીયાઓ, જે સમન્વય કરીને એકી સાથે, આવરી લેવા ને બદલે, પીજીવીસીએલ તરફથી, બન્ને માંગણી વાળી અરજીઓને રાખીને, અલગ અલગ પ્રક્રીયા હેઠળ, જુદા જુદા સમયે આવરી લઈ ને, સદર ૦૨ માહે ની, માત્ર નામ બદલી ની અરજી ને, અલગ થી મંજુરી, જે તા.૦૮–૧૧–૧૬ થી અપાયેલ છે. પરંતુ, સદર મંજુરી ની પત્ર દ્વારા તેઓ શ્રી ને જાણકારી અપાયેલ ન હતી. |
| **૧.૫** | આમ, નામ બદલી ની માંગણી મુજબ નો કેઈસ આગળ રાખી અને મંજુર કરી, તેમજ નામ બદલી નો કેઈસ અલગ રાખી, અને અલગ મંજુરી હેઠળ આવરી લેવા ની પીજીવીસીએલ ની કાર્યવાહી ના કારણોસર – તેઓ શ્રી ની અન્ય માંગણી મુજબ ના કેઈસ, એટલેકે ૯૦ દિવસ ની મુદત વધારેલ એવા સવાલવાળા ભાવપત્રક, કે જેની અંતીમ તા.૦૨–૧૧–૧૬ હતી, તે બાબત, અરજદાર થી અજાણ મા રહેતા, અરજદાર શ્રી તરફથી, સદર ભાવપત્રક ની રકમ, જે તા.૦૨–૧૧–૧૬ સુધી મા ભરપાઈ ન કરવાના કારણોસર, પીજીવીસીએલ તરફથી સદર ભાવપત્રક રદબાતલ કરવામા આવેલ હતુ. |
| **૧.૬** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૧.૪ અને ૧.૫ મુજબ ની વિગતે ની, પીજીવીસીએલ કક્ષાની આ વહીવટીય પ્રક્રીયાઓની બાબતો થી, અરજદાર શ્રી કે જે, એક ખેડુત અરજદાર ખરેખર અજાણ અને બિનઅભ્યાસુ હોવાના કારણોસર – નામ બદલી ની મંજુરી મળ્યા બાદ, આપોઆપ જ ભાવપત્રક ની સમયમર્યાદા પીજીવીસીએલ તરફથી વધારી આપવામા આપવામા આવશે, એવી માન્યતા હેઠળ રહેલ એવા એક નિર્દોષ ગ્રાહક ની માન્યતાના કારણોસર જ – અરજદાર શ્રી સદર ભાવપત્રક ની રકમ, નિયત સમયમર્યાદા મા, પીજીવીસીએલ મા ભરપાઈ ન કરી શકતા, પીજીવીસીએલ તરફથી, તેઓ શ્રી ની સદર અરજી – ‘‘ કે જેમા પીજીવીસીએલ તરફથી નામ બદલી ની મંજુરી આપી દીધેલ છે, પરંત, અલાયદી પ્રક્રીયા હેઠળ આવરી લેવાયેલ મુદત વધારાની મંજુરી હેઠળ ના ભાવપત્રક ની રકમ, પીજીવીસીએલ મા ભરપાઈ કરી શકેલ ન હતા, તેમજ, સદર ભાવપત્રક ની વધારાની સમયમર્યાદા મેળવવા માટે ની અરજી તેઓ પીજીવીસીએલ મા રજુ કરી શકેલ ન હતા. ’’ જેથી, પીજીવીસીએલ તરફથી – તેઓ શ્રી ના પિતાશ્રી ના નામની મુળ તા.૧૯–૧૨–૨૦૦૯ ની સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી રદબાતલ કરાયેલ છે. પરંતુ, સદર અરજી પીજીવીસીએલ કક્ષાએથી રદબાતલ કરાયેલ હોવાની જાણકારી આપતો, લેખીત પત્ર પીજીવીસીએલ તરફથી અરજદાર ને અપાયેલ નથી. |
| **૧.૭** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૧.૨,૧.૩, ૧.૪,૧.૫ અને ૧.૬ મા વર્ણવ્યા મુજબ ની, અરજદાર શ્રી ની તમામ બાબતો અને વિગતો, જે ઉંડાણપૂર્વક અભ્યાસે લઈ, અને સકારાત્મક રીતે, તેઓ શ્રી ના કેઈસ નુ વ્યાજબી પણુ, જે ન્યાયિક રીતે નકકી કરી, અને તે મુજબ – તેઓ શ્રી ના સ્વ. પિતા શ્રી પ્રાગજીભાઈ ઝીણાભાઈ પોકર ના નામની મુળ તા.૧૯–૧૨–૨૦૦૯ ની અન્વયે નુ, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ એવુ, નવુ ખેતીવાડી વીજજોડાણ, જેની મંજુરી, જે મુળ અરજદાર શ્રી સ્વ. પિતા શ્રી પ્રાગજીભાઈ ઝીણાભાઈ પોકર ના નામના અપાયેલ ભાવપત્રક મુજબ ની છે, તે ભાવપત્રક ની સમયમર્યાદા ની મંજુરી – જે સદર અરજી મા જ, નામ બદલી ની મંજુરી મળી ચુકેલ હોય, તે બાબત ને એકી સાથે ની વહીવટીય પ્રક્રીયા હેઠળ આવરી લઈ ને – તેઓ શ્રી ની માંગણી મુજબ, ભાવપત્રક ની સમયમર્યાદા વધારી આપી, અને તે મુજબ ભાવપત્રક ની રકમ સ્વીકારી – અને તે મુજબ ગ્રામ્ય વિસ્તાર ના અભણ અને ગરીબ ખેડુત ને જોડાણ આપી અને ન્યાય આપવા – અરજદારે ફોરમ સમક્ષ સવાલવાળી અરજી કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |

| | |
|---|---|
| **૨.૧** | અરજદાર શ્રી ના, ગામ: રામોદ ખાતે ના, તેઓ શ્રી ના પિતાશ્રી પ્રાગજીભાઈ ઝીણાભાઈ પોકર ના નામે નોંધાયેલ સામાન્ય યોજના હેઠળ ના, ૧૦ હોપા ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી મંજુર થતા – અરજદાર શ્રી પાસેથી માંગણી મુજબ ના સ્થળ ની માલીકીને સમર્થન આપતા દસ્તાવેજીક પેપર્સ તેમજ અરજદાર શ્રી ની વૈદ્યાનીક સ્થિતી ના, અદ્યતન દસ્તાવેજીક પેપર્સ, જે અરજદાર શ્રી પાસેથી મેળવવા માટે ની પીજીવીસીએલ ની નિયમાધીન બાબતે ની નોંધવાળુ – એવુ મુળ ગ્રાહક શ્રી પ્રાગજીભાઈ ઝીણાભાઈ પોકર ના નામના સદર જોડાણ ની મંજુરી અન્વયે નુ રૂ.૧૪,૧૨૦/– નુ ભાવપત્રક નં. ૪૫૮૬, જે તા.૦૪–૦૭–૧૬ ના રોજ, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ને અપાયેલ હતુ. |
| **૨.૨** | પરંતુ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતેના, મુળ ગ્રાહક શ્રી પ્રાગજીભાઈ ઝીણાભાઈ પોકર ને, તેઓ શ્રી ની મુળ તા.૧૯–૧૨–૨૦૦૯ ની, ૧૦ હોપા ના સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી અન્વયે નુ, મુળ ગ્રાહક શ્રી પ્રાગજીભાઈ ઝીણાભાઈ પોકર ના નામનુ – પીજીવીસીએલ તરફથી તા.૦૪–૦૭–૧૬ ના રોજ અપાયેલ ભાવપત્રક પહેલાના સમયગાળા દરમ્યાન મુળ ગ્રાહક એટલેકે તેઓ શ્રી ના પિતાશ્રી પ્રાગજીભાઈ ઝીણાભાઈ પોકર નુ તા.૦૫–૧૧–૧૫ ના રોજ અવસાન થયેલ હોવાથી – તેમજ નવા મંજુર કરાયેલ જોડાણ સમયે, નવા જોડાણ નુ કરારનામુ, જે કાયદેસર રીતે મૃતક ગ્રાહક દ્વારા થઈ શકે તેમ ન હોવાના કારણોસર, તેમજ સદર અપાયેલ તા.૦૪–૦૭–૧૬ ના રોજ ના ભાવપત્રક મા નિર્દેશ કરાયેલ બાબતો મુજબ – જોડાણ ના સ્થળ ની અદ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ તેમજ, જોડાણકાર ની વૈદ્યાનીક સ્થિતી અન્વયે ના અદ્યતન સ્થિતી ના દસ્તાવેજીક પેપર્સ – પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ કરવાની બાબત, જે પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી મુજબ યોગ્ય હોય, અરજદાર શ્રી ને માટે, સદર ભાવપત્રક મા નિર્દેશીત કરેલ આ બાબત નિયમાધીન હોય – મુળ સ્વ. ગ્રાહક શ્રી પ્રાગજીભાઈ ઝીણાભાઈ પોકર ના પુત્ર અને સીધીલીટી ના વારસદાર એવા શ્રી મુકેશભાઈ પ્રાગજીભાઈ પોકરે – તેઓ શ્રી ના સ્વ. પિતાશ્રી ની અગાઉ ની મુળ તા.૧૫–૧૨–૨૦૦૯ ના રોજ ની નોંધાયેલ અરજી – જે મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવરી લેવાયેલ હોય તે અરજી, જે મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવતા પહેલા મુળ અરજદાર શ્રી નુ અવસાન થયેલ હોય તેમજ માંગણી મુજબ ના સ્થળ પણ, વારસદારાઈ હકક મુજબ અન્ય વારસદાર ના નામે તબ્દીલ થયેલ હોય – આવા કારણોસર, મુળ સ્વ. ગ્રાહક પ્રાગજીભાઈ ઝીણાભાઈ પોકર ના પુત્ર અને સીધીલીટી ના વારસદાર એવા શ્રી મુકેશભાઈ પ્રાગજીભાઈ પોકરે – સદર મંજુરીની પ્રકીયા હેઠળ આવેલ નવા ખેતીવાડી વીજજોડાણ ની મુળ તા.૧૯–૧૨–૨૦૦૯ ની અરજી મા – તેમના સ્વ. પિતાશ્રી પ્રાગજીભાઈ ઝીણાભાઈ પોકર ના નામ પરથી, તેમના એટલેકે પુત્ર શ્રી મુકેશભાઈ પ્રાગજીભાઈ પોકર ના નામે, નામ બદલી ની, નિયમાધીન તમામ જરૂરી દસ્તાવેજીક પેપર્સ સાથેની વિધીસર ની અરજી – જે તા.૧૨–૦૯–૧૬ ના રોજ રૂ.૩૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરીને, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ કરેલ હતી. |
| **૨.૩** | તેમજ, સદર મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ સામાન્ય યોજના હેઠળ ની સદર તા.૧૯–૧૨–૨૦૦૯ ની મંજુર અરજી અન્વયે, પીજીવીસીએલ તરફથી મુળ ગ્રાહક શ્રી પ્રાગજીભાઈ ઝીણાભાઈ પોકર ના નામ પર અપાયેલ એવા રકમ રૂ.૧૪,૧૨૦/– ના તા.૦૪–૦૭–૧૬ ના રોજ ના, મંજુરી ના તા.૦૪–૦૭–૧૬ ના રોજ અપાયેલ ભાવપત્રક ની નિયત ૦૧ માસ પુરી થયા બાદ –એટલેકે તા.૦૩–૦૮–૧૬ ના રોજ પુરી થયા બાદ – વધારાના ૯૦ દિવસ માટે, મુદત વધારાની અરજી પણ, તા.૧૩–૦૭–૧૬ ના રોજ પીજીવીસીએલ મા આપેલ હતી. પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી ને તેમની માંગણી મુજબ, સદર ભાવપત્રક ની મુદત ૯૦ દિવસ સુધી વધારી આપી, અને તે મુજબ, સદર ભાવપત્રક ની અંતીમ તા.૦૨–૧૧–૧૬ નિયત થયેલ હોવા બાબત ની જાણકારી આપતો, તા.૦૩–૦૮–૧૬ ના રોજ, અરજદાર શ્રી ને, લેખીત પત્ર નં. : ૫૩૪૨ અપાયેલ હતો. પરંતુ, સદર નિયત સમયમર્યાદા તા.૦૨–૧૧–૧૬ સુધી મા અરજદાર શ્રી એ, ભાવપત્રક ની રકમ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ ન હતી. |
| **૨.૪** | આમ, ઉપરોક્ત મુદ્દા નં ૨.૨ અને ૨.૩ મુજબ ની વિગતે ની, કુલ ૦૨ અરજીઓ, એટલેકે (૧) નામ બદલી ની અરજી તેમજ (૨) ભાવપત્રક ની મુદત વધારા માટે ની અરજીઓ રજુ થયેલ હતી. અને બન્ને અરજીઓ એકજ કેઈસ ને આનુષાંગીક હતી. જેથી, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી ની સદર બન્ને અરજીઓ સક્ષમ કક્ષાએ રજુ કરવામા આવેલ હતી. જે માહેની ભાવપત્રક ની મુદત વધારા ની મંજુરી, જે ઉપરોક્ત મુદ્દા નં. ૨.૩ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને જાણકારી હેઠળ આપી દીધેલ હતી. તેમજ, નામ બદલી ની અરજી, જે પીજીવીસીએલ ની ગોંડલ વિભાગીય કચેરી તરફથી, તા.૦૮–૧૧–૧૬ થી મંજુર કરાયેલ હતી. પરંતુ, નામ બદલી બાબતે, અરજદાર શ્રી ને લેખીત પત્ર આપી અને જાણકારી અપાયેલ ન હતી. |

| | |
|---|---|
| **૨.૫** | ઉપરોક્ત મુદ્દા નં. ૨.૩ મુજબ ની વિગતે, ભાવપત્રક ની સમયમર્યાદા, જે ૯૦ દિવસ ના મુદત વધારા બાદ ની, જેની અંતીમ તા.૦૨–૧૧–૧૬ હતી, તે અરજી બાબત ને, પીજીવીસીએલ કક્ષાએથી નામ બદલી સાથે સમાંતર રીતે આવરી લેવાયેલ ન હતી. આવા કારણોસર, તા.૦૨–૧૧–૧૬ પછી તુરંત જ, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ, તેમના સ્વ. પિતાશ્રી પ્રાગજીભાઈ ઝીણાભાઈ પોકર ના નામની મંજુરી વાળુ, અગાઉ પીજીવીસીએલ તરફથી અપાયેલ સદર તા.૦૪–૦૭–૧૬ ના રોજ નુ ભાવપત્રક આપોઆપ રદબાતલ થયેલ હતુ. તે મુજબ ની નોંધ – જે સદર સામાન્ય યોજના હેઠળ ની નોંધાયેલ એવી, મુળ તા.૧૯–૧૨–૨૦૦૯ ની અરજી ના સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર નો ક્રમ: ૫૬૮૪ સામે, '' Not paid cancel '' નો રીમાર્ક આપી – અને પેટા વિભાગીય કચેરી કક્ષાએથી, જીપી રજીસ્ટર મા કરાયેલ છે. આમ, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી કક્ષાએથી, મુળ અરજદાર શ્રી પ્રાગજીભાઈ ઝીણાભાઈ પોકર ની, મુળ તા.૧૯–૧૨–૨૦૦૯ ની અરજી પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી કક્ષાએથી રદબાતલ કરાયેલ છે. |
| **૨.૬** | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી માંગેલ સ્પષ્ટતાઓ બાબતે જણાવવાનુ કે – '' નામ બદલી અને ભાવપત્રક ની મુદત મર્યાદા વધારા '' એમ બન્ને બાબતો, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી કક્ષાએથી તેમજ વિભાગીય કચેરી કક્ષાએથી – એક જ કેઈસ મા સંલગ્ન હોવા છતા, સંલગ્ન રાખી અને કાર્યવાહી કરાયેલ નથી. પરંતુ, અલગ –અલગ રીતે પ્રક્રીયા હેઠળ આવરી લઈ અને કાર્યવાહી કરાયેલ છે. જેથી, સદર કેઈસ મા, કુલ ૦૨ બાબતો માહે ની, ભાવપત્રક ની સમયમર્યાદા ની મંજુરી પણ અગાઉ અરજદાર શ્રી ની જાણકારી હેઠળ અપાયેલ છે. પરંતુ, નિયત મર્યાદા તા.૦૨–૧૧–૧૬ ના રોજ મંજુરી મળેલ હોવા છતા, અરજદારે તા.૦૨–૧૧–૧૬ સુધી મા ભાવપત્રક ની રકમ ભરપાઈ કરેલ ન હોવાના કારણોસર, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, જીપી રજીસ્ટર મા, '' Not paid cancel '' નો રીમાર્ક આપી અને અરજદાર શ્રી ની મુળ તા.૧૯–૧૨–૨૦૦૯ ની અરજી રદબાતલકરાયેલ છે. પરંતુ, સદર અરજી રદબાતલ કરતા પહેલા, અગાઉ અરજદાર શ્રી ને નોટીસ આપીને જાણકારી અપાયેલ નથી. તેમજ, અરજી રદબાતલ થયા પછી, રદબાતલ કરાયા સબબ ની જાણકારી પણ, અરજદાર શ્રી ને લેખીત પત્ર આપીને કરાયેલ નથી. સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજીઓ, સબંધક પેટા વિભાગીય કચેરી દ્વારા રદબાતલ કરતા પહેલા, સક્ષમ કક્ષાની ઉપલી કચેરી ની મંજુરી લેવાની બાબત – જે પીજીવીસીએલ મા નિયમાધીન પ્રણાલી હેઠળ નિયત થયેલ ન હોવાથી, અરજદાર શ્રી ની સદર અરજી ની રદબાતલ ના કેઈસ મા, આ મુજબ ની સક્ષમ કચેરી પાસેથી મેળવવા ની જરૂરી ન હોવાથી લેવાયેલ નથી. પરંતુ, સામાન્ય યોજના હેઠળ ની નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજીઓની મંજુરી માટે અપાયેલ ભાવપત્રકો ની રકમ, જે નિયત સમયમર્યાદા મા, પીજીવીસીએલ મા ભરપાઈ ન થવાના કારણોસર, પીજીવીસીએલ ની સબંધક કચેરી કક્ષાએથી જ, જીપી રજીસ્ટર મા નોટપેઈડ નો રીમાર્ક આપી અને આ મુજબ ની અરજીઓ, કેન્સલ કરવાની પ્રક્રીયા, જે પીજીવીસીએલ ની સબંધક કચેરી કક્ષાએથી જ કરવામા આવે છે. આમ, અરજદાર શ્રી ની, સદર નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજીના મંજુરી ના સમયગાળા દરમ્યાન વાળા સદર કેઈસ મા, અરજદાર શ્રી ને નામ બદલી અપાયેલ છે, પરંતુ, તે પહેલા ભાવપત્રક ની રકમ ભરપાઈ થયેલ નથી. જેથી, અરજદાર શ્રી ની મુળ તા.૧૯–૧૨–૨૦૦૯ ની અરજી પીજીવીસીએલ કક્ષાએથી રદબાતલ થયેલ છે, તે બાબત પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ થી ૧.૭ મા વર્ણવ્યા મુજબ ની ફરીયાદ સંદર્ભીત બાબતો, અને ફરીયાદી પક્ષકાર તરફથી, સદર આનુષાંગીક એવા ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ દસ્તાવેજીક પેપર્સ, તદ ઉપરાંત, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨.૧ થી ૨.૬ મા વર્ણવ્યા મુજબ ની ફરીયાદ સંદર્ભીત બાબતો, અને ફરીયાદી પક્ષકાર તરફથી, સદર આનુષાંગીક એવા ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ દસ્તાવેજીક પેપર્સ, તેમજ બન્ને પક્ષકારો સાથે થયેલ મૌખીક ચર્ચાઓ, વગેરે તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ના પિતાશ્રી ના નામની, મુળ અરજી વાળુ જોડાણ મંજુર થતા, પીજીવીસીએલ તરફથી, મુળ અરજદાર ના નામનુ ભાવપત્રક અપાયેલ હતુ. પરંતુ, મુળ અરજદાર, જે ભાવપત્રક અપાયા તારીખે હૈયાત ન હોય, સ્વર્ગસ્થ થયેલ હોય, આવા કારણોસર, નવા ખેતીવાડી વીજજોડાણ નુ કરારનામુ, તેમજ અન્ય કોઈ વહીવટીય પ્રક્રીયાઓ, મૃતક ના નામે કરવાની બાબત કાયદાકીય ન હોય, તેવી કાયદેસરની બાબતો ને આધીન રહીને, ફરીયાદી અરજદાર શ્રી એ, મૃતક અરજદાર ના નામે મંજુર કરાયેલ સદર જોડાણ મા નામ બદલી ની વિધીસર ની અરજી, જે મૃતક ના નામે અપાયેલ ભાવપત્રક ની સમયમર્યાદા મા, વધારો મેળવવા માટે ની – એમ કુલ ૦૨ અરજીઓ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ કરેલ હતી. અરજદાર શ્રી નો, સદર ૦૨ અરજીઓ કરવા માટેનો મુખ્ય આશય – જે પીજીવીસીએલ ના મુળભુત રેકર્ડ મા જ, મૃતક અરજદાર ને બદલે નવા અરજદારનુ નામ દર્જ થાય, અને જોડાણ ચાલુ થાય તે પહેલા, તમામ રેકર્ડ આધારીત એવી તમામ દસ્તાવેજીક પેપર્સ પ્રકારની કાર્યવાહી નવા અરજદાર ના નામે જ થાય, તેમજ કરારનામુ અને નવુ જોડાણ, પણ નવા અરજદારના નામે જ થાય, તે મુજબ નો જ મુખ્ય આશય – જે અરજદાર શ્રી નો હોવાનુ, સદર કેઈસ મા, ફોરમ કમિટી ને સ્પષ્ટ જણાયેલ છે. અરજદાર શ્રી ના આ આ મુજબ ના આશય સાથે, '' નામ બદલી અને ભાવપત્રક મા મુદત વધારા ની બાબત '' પણ એક બીજા સાથે સંલગ્ન હોય, અરજદાર શ્રી ના ઈરાદા/આશય મુજબ ની જ હતી. પરંતુ, ગ્રામ્ય વિસ્તાર ના ખેડુત અરજદાર શ્રી ને, આવી સંલગ્ન બાબત માહેની, પીજીવીસીએલ ની ભાવપત્રક સંલગ્ન એવી મુદત વધારાની બાબત, ઈચ્છા મુજબ ની હોવા છતા, વહીવટીય દ્રષ્ટીએ તેઓ શ્રી માટે અજાણરૂપ હતી. આવા કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી તરફથી યોગ્ય સમયે, સદર ભાવપત્રક મા વધારાની મુદત મેળવવા માટે ની લેખીત અરજી પીજીવીસીએલ મા થઈ શકેલ ન હતી. |
| **૩.૨** | ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની મુખ્ય માંગણી મુજબ ની બન્ને બાબતો – જે મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ નવા જોડાણ ના કેઈસ ને બીલકુલ સંલગ્ન હોય, અને એક જ કેઈસ ને આનુષાંગીક રાખી અને બન્ને બાબતો ને સાથે રાખી અને કેઈસ તૈયાર કરવાની બાબત પણ, પીજીવીસીએલ માટે નિયમાધીન યોગ્ય અને વ્યાજબી હોવા છતા, પીજીવીસીએલ તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ના સદર કેઈસ મા, '' એક જ કેઈસ ને આનુષાંગીક એવી નામ બદલી અને ભાવપત્રક ની મુદત વધારા ની બન્ને બાબતો ને એકી સાથે સમન્વીત '' ન કરતા, બન્ને બાબતો ને અલગ –અલગ રીતે તૈયાર કરી અને અલગ –અલગ સમયે, મંજુરી ની પ્રક્રીયા હેઠળ મુકેલ હોવાના કારણોસર, અરજદાર શ્રી નો ખરો અને વ્યાજબી એવો સદર કેઈસ, જે ૦૨ બાબતો માહે ની એક જ બાબત – એટલેકે નામ બદલી ની બાબતે મંજુર રાખી અને ભાવપત્રક ની સમયમર્યાદા ની બાબતે ના મંજુર કરાયેલ છે. |
| **૩.૩** | ઉપરોક્ત મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતેની, સદર કેઈસ મા, પીજીવીસીએલ પક્ષકાર તરફથી થયેલ આ મુજબ ની વહીવટીય કાર્યવાહી, જે ક્ષતિ / ત્રુટી યુકત / બીન સંકલીત મુજબ ની થયેલ હોવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. જેથી, પીજીવીસીએલ પક્ષકાર ની, અગાઉ ની બીન સંકલીત કાર્યવાહી હેઠળ ના કારણોસર જ, ક્ષતિ યુકત / ત્રુટી યુકત પધ્ધતિ ના કારણોસર જ, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, જે ભાવપત્રક ની મુદત વધારા ની બાબત, જે સ્વયં રીતે પીજીવીસીએલ કક્ષાએથી મંજુરી ને પાત્ર હોવા છતા, પીજીવીસીએલ દ્રારા બાકી રહી ગયેલ છે. તે ભાવપત્રક મુદત વધારા ની કાર્યવાહી ને, નામ બદલી ની મંજુરી ની કાર્યવાહી સાથે જ સાંકળીને – સંલગ્ન રાખીને, ફરીયાદી અરજદાર શ્રી ને, સદર ભાવપત્રક ની મુદત વધારી આપવા માટે ની, સદર બાકી રહેલ કામગીરી પીજીવીસીએલ દ્રારા જ થવી જરૂરી હોવાની બાબત, પીજીવીસીએલ માટે નિયમાધીન યોગ્ય અને વ્યાજબી છે. જેથી, આ મુજબ ની કાર્યવાહી હેઠળ, અરજદાર શ્રી ના નામ બદલી મંજુરી વાળા સદર કેઈસ મા, સવાલવાળા ભાવપત્રક ની મુદત પણ, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ હુકમ ની તારીખ થી, વધારાના ૦૩ માસ સુધી વધારી આપવા બાબતે નો, સદર કેઈસ મા, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, મુદ્દા નં. ૩.૩ મુજબ ની વિગતો અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, '' મુળ ગ્રાહક શ્રી પ્રાગંજીભાઈ ઝીણાભાઈ પોકર '' ના નામ પરથી તેમના પુત્ર અને અરજદાર એવા સીઘીલીટી ના વારસદાર ''શ્રી મુકેશભાઈ પ્રાગજીભાઈ પોકર '' ના નામે, નામ બદલી ની તા.૦૮–૧૧–૧૬ થી મંજુરી પણ અગાઉ અપાયેલ છે. પરંતુ,સદર કેઈસ મા, તે જ સમય દરમ્યાન જ, ભાવપત્રક ની મુદત વધારવા ની બાબત, જે સદર કેઈસ મા સંલગ્ન હોવા છતા, પીજીવીસીએલ તરફથી, મંજુરી ને આનુષાંગીક રહીને જ, તે ભાવપત્રક મુદત વધારા ની કાર્યવાહી ને, નામ બદલી ની મંજુરી ની કાર્યવાહી સાથે જ સાંકળીને – સંલગ્ન રાખીને કરાયેલ ન હતી. પીજીવીસીએલ પક્ષકાર ની સદર વહીવટીય ક્ષતિ યુકત / ત્રુટી યુકત કાર્યવાહી ને, પીજીવીસીએલ પક્ષકારે ભુલ સુધારણા ના ભાગરૂપ આવરી લઈ અને – ફરીયાદી અરજદાર શ્રી મુકેશભાઈ પ્રાગજીભાઈ પોકર ને, તેઓ શ્રી ના પિતાશ્રી પ્રાગજીભાઈ ઝીણાભાઈ પોકર ની મુળ તા.૧૯–૧૨–૨૦૦૯ ની અરજી, જે હાલ ના તબ્બકે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવરી લઈ અને તા.૦૪–૦૭–૧૬ ના રોજ, મુળ ગ્રાહક શ્રી પ્રાગજીભાઈ ઝીણાભાઈ પોકર ના નામનુ, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી નુ, જે રૂ.૧૪,૧૨૦/– ની રકમ નુ, જે ભાવપત્રક તા.૦૪–૦૭–૧૬ નારોજ અપાયેલ છે – તે ભાવપત્રક ની મુદત, જે મુળ માંગણી મુજબ ના વધારાના ૦૩ માસ ની મુદત પુરી થયા પછી ના વધારાના ૦૩ માસ, એટલેકે – સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ હુકમ ની તારીખ થી, વધારાના ૦૩ માસ સુધી મુદત, જે અરજદાર શ્રી તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, વધારી આપવા બાબતે નો – સદર કેઈસ મા, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..